॥ सा विद्या या विमुक्तये ॥

# શારદા

વર્ષ ૭ ઓગષ્ટ-૧૯૮૬ અંક ૨

## વાલીઓને,

### શ્રેણી ૧૦ અને ૧૨ના પરિણામ વચ્ચેનો તફાવત :

પરીક્ષાના પરિણામ પછી છેલ્લાં કેટલાંક વર્ષોથી પરિણામ અંગે ઘણો ઉહાપોહ થાય છે. કોમ્પ્યુટરને લીધે ગોટાળા થાય છે, એકને બદલે બીજાની માર્કશીટ આવે છે પેપર્સમાંથી સપ્લીમેન્ટરી ગુમ થાય છે. નિરીક્ષકો અથવા પરીક્ષકો ઈરાદાપૂર્વક નંબર અદલબદલ કરી નાંખે છે, પેપરો યોગ્ય રીતે ન તપાસાતાં આડેધડ તપાસવામાં આવે છે, એકને બદલે બીજા પરીક્ષા આપે છે, આમ આ, અને આવી અનેક વાતો થાય છે. આ બધું અટકે તે માટે બોર્ડ ઘણાં પ્રયત્નો કરે છે. એટલું બબડ્યુ છે કે આ પગલાંની કોઈ અસર થતી નથી એવી હતાશા પણ પ્રવર્તે છે. આ બધા ઉપર આપણે સાચું શું અને ખોટું શું તે જાણી શકતા નથી અને કંઇ કરી શકતા નથી. હું જે અહીં કહેવા માંગુ છું તે એ કે, એક વિદ્યાર્થીના પરીક્ષાના પેપર્સ શ્રેણી ૧૦માં યોગ્ય રીતે તપાસાયા છે અને તેનું પરિણામ ઘણું સારૂં આવ્યું છે, તેની સાથે સાથે એ વિદ્યાર્થીએ ધો. ૧૨ની પરીક્ષા આપી (અને તે જવાબપત્રો યોગ્ય રીતે તપાસાયા છે તેમ માનીએ) પરંતુ તેનું પરિણામ નિરાશાજનક આવ્યું છે. તો એમ કેમ બન્યું છે, પ્રશ્ન થાય છે, અને આ સ્વાભાવિક છે. બીજા મુદ્દાઓને હાલ ક્ષેત્ર બહારનાં ગણી ચર્ચા નથી

શ્રેણી ૧૦ અને ૧૨ના પરિણામ વચ્ચે ઘણે ભાગે વિજ્ઞાનપ્રવાહમાં આવો તફાવત પડે છે, તેનો ઊચાટ શિક્ષણ જગતમાં પણ થાય છે, તે માટે સંશોધનના પ્રયત્નો પણ શરૂ થયાં છે. એનું પરિણામ આવતાં તો સમય જશે પરંતુ કેટલીક દેખાતી વસ્તુ વાલીના ધ્યાન ઉપર લાવવાનું યોગ્ય ગણું છું, જે વાત ઘણા સમયથી શિક્ષણખાતાનાં અધિકારી ઓને કરું છું તે જ મારે વાલીઓને કહેવાની છે. શ્રેણી ૯ના વિદ્યાર્થીઓના વાલીઓને ગયે વર્ષે મે જણાવ્યું હતું સરકારીતંત્રમાં તો ફેરફાર થતાં ઘણો સમય લાગે પરંતુ પોતાના બાળકના હિતમાં વાલીએ શું કરવું તે તો પોતે નક્કી કરી શકે.

શ્રેણી ૧૦નો અભ્યાસક્રમ ઘણો જ હલકો બનાવવામાં આવ્યો છે. વિશેષે કરીને ગણિત અને વિજ્ઞાનમાં બીજા વિષયોમાં પણ અભ્યાસક્રમ ઘણો મર્યાદિત છે. આથી ખૂબ સહેલાઇથી વિદ્યાર્થી શ્રેણી ૧૦માં સારા ગુણ મેળવી લાવે અને તેના આધારે વાલી તેને મેડીકલ કે એન્જીનિયરીંગ માટે લાયક ગણે તો તે ભૂલ છે. શ્રેણી ૧૨ના વિજ્ઞાનપ્રવાહના અભ્યાસક્રમનું સ્તર ઘણું જ ઊંચું છે. ગણિત અને ભૌતિકશાસ્ત્ર જેવા વિષયો ખૂબજ મહેનત માંગી લે છે. એન્જીનિયરીંગમાં જનાર માટે બાયોલોજી પણ નિર્ણાયક વિષય બને છે તો મેડીકલમાં જનાર માટે ગણિત પણ નિર્ણાયક વિષય બને છે. આ બંને વિષયો ભિન્ન પ્રકારની રુચિ માંગી લે છે. અને બંનેમાંથી એકમાં અભિરૂચિ ન હોય તો સરવાળે નુકશાનકારક નીવડે છે સામાન્યત : અત્યંત હોશિયાર વિદ્યાર્થી વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થાય તે આદર્શ ગણાય પરંતુ શ્રેણી ૧૦નો અભ્યાસક્રમ નિમ્ન કક્ષાનો હોઈ સાધારણ વિદ્યાર્થી પણ સારી ગણી શકાય તેવી ટકાવારી મેળવી લાવે છે. આથી વિષમ કક્ષાના વિદ્યાર્થીઓના વર્ગમાં ઉચ્ચ કક્ષાવાળા વિદ્યાર્થીઓ ઘણાં આગળ જતા રહે છે અને સાધારણ કક્ષાના વિદ્યાર્થીને કાંઈ અજાણ્યા પ્રદેશમાં તે આવ્યો હોવાની લાગણી અનુભવે છે, અને પરિણામે હતાશા થાય છે અને અભ્યાસવૃતિ ગુમાવી દે છે.

શ્રેણી ૧૦ અને ૧૨નાં અભ્યાસક્રમ વચ્ચે જ્યાં સુધી વિષમ ગાળો રહેશે ત્યાં સુધી આ વિપરીત સ્થિતિ રહેવાની પોતાની કક્ષાએ યોગ્ય વોકેશનલ પ્રવાહના અભ્યાસક્રમોમાં જવાની માનસિક તૈયારી વિદ્યાર્થીએ અને વાલીએ રાખવી જોઈએ.

નવી શિક્ષણનીતિમાં આવા પ્રશ્નો ઓછામાં ઓછા ઊભા થાય તેવી આશા આપણે રાખીએ

**દિનુભાઇના વંદન**

### અગત્યની નોંધ :-

**ધો. ૫ ૬, ૭માં અંગ્રેજી વિષય ફરજીઆત કરવામાં આવ્યો છે. તેની સૌ વાલીઓને નોંધ લેવા વિનતી છે.**

## બાલમંદિર

તા. ૧૨-૮-૮૬ને મંગળવારનાં રોજ સ્થાપના દિનનો ઉત્સવ ઉજવાયો. સોમવારથી બાળકોએ ઉત્સવની પૂર્વ તૈયારી રૂપે ફુગ્ગા, તોરણ તેમજ રંગબેરંગી પટ્ટીઓ લાવી પોતપોતાના ઓરડાઓ શણગારવા માંડયાં. ઉત્સવનાં દિવસે વાલીઓનો પણ અગમ્ય ઉત્સાહ દેખાયો. બાળકોએ તો ફૂલ અને હારનાં ઢગલાં કરી દીધાં. બાળકોએ રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઇ વાતાવરણને શોભાવ્યુ. શિક્ષકોએ ઓરડાઓમાં સુશોભન અને રંગોળી કરી, બાળકોનાં આનંદમાં વૃદ્ધિ કરી.

સૌ પ્રથમ બાળકોએ સરસ્વતીપૂજન કર્યું ને ત્યારબાદ બાલરથથી કાર્યક્રમની શરૂઆત થઇ શ્રી દિનુભાઇએ પૂજન કરી બાલરથીઓનું અભિવાદન કર્યું હાથમાં રંગ-બેરંગી ધજાઓ લઈ શારદામાના બાલવીરોએ કૂચ કરી શારદાના આંગણે નાની બાળાઓએ ગરબાની રમઝટ જમાવી

બાળકોએ ' ટીચુ. ચીકી 'નો પપેટ શો, શ્રી બાબુ-ભાઇનો વાર્તાકથનનો કાર્યક્રમ અને વોલ્ટ ડીઝનીની ફિલ્મનાં કાર્યક્રમો ખૂબ આનંદથી માણ્યાં.

સૌ બાળકોએ શીરો તથા ભજીયાનો નાસ્તો આનંદભેર ખાધો. બાળકો હાથમાં ફુગ્ગો તથા પ્રસાદનું પડીકુ લઈ આનંદ અને ઉલ્લાસ સાથે ઘેર ગયાં.

---

### અગત્યની સુચના

બાલમંદિરનાં બાળકોના વાલીઓને જણાવવાનું કે બાળકને લેવા અથવા મૂકવા આવતી વખતે વાહન પ્રવેશના દરવાજાથી દૂર રાખવું. એક જ સ્થળે સૌ વાહનો રાખવાનો આગ્રહ રાખે તો આવવા જવામાં ખૂબ મુશ્કેલી પડે છે વાહન દૂર રાખી ફૂટપાથનો ઉપયોગ સૌ કરે. આ સંબંધી વ્યવસ્થા જાળવનારની સુચનાનો અમલ ન કરે તો અમારે તે અંગે પગલા લેવા જરૂરી બને છે. સૌને સહકાર આપવા વિનંતી.

---

**આવતા સત્રથી બાલમંદિરના સૌ બાળકો માટે બાલમંદિરનો સમય સવારનાં ૧૦-૫૦ થી ૩-૩૦નો રહેશે**

જ્યોત્સ્નાબેન શોધન

## શિશુમંદિર

તા. ૨૮-૬-૮૬નાં રોજ શિશુમંદિરમાં યોજાએલ ચૂંટણીમાં નીચે પ્રમાણે ભાઇ બહેનો મંત્રી ઉપમંત્રી પદે ચૂંટાઈ આવ્યા છે.

**ભાઇઓ :- મંત્રી :-** રૂચિર પટેલ

**ઉપમંત્રી :-** શૈશવ શાહ, આનલ શાહ

**બહેનો : મંત્રી** કોમલ મહેતા

**ઉપમંત્રી** દેવલ શાહ

ઇતરપ્રવૃત્તિને અનુલક્ષીને જુનીયર વિભાગનાં આંતરગૃહ નેતાઓની નિમણૂંક નીચે પ્રમાણે કરવામાં આવી છે.

ગંગોત્રી :- ભાઇ- અમર શાહ
બહેન-રાધિ ધૂળધોયા

**ધવલગિરિ :-** ભાઇ-કશ્યપ અવાશિયા
બહેન- વૈશાલી પટેલ

મેઘનાદ :- ભાઈ-રાજ રાજીવભાઇ
**બહેન-** મોના ઠક્કર

**રત્નદીપ :-** ભાઈ- **નીરજ શોધન**
બહેન- **નેહા કિનારીવાલા**

**તા. ૧૨-૮-૮૬ના રોજ સંસ્થાનાં સ્થાપનાદિન નિમિત્તે યોજાયેલ વિવિધ સ્પર્ધાના પરિણામો :-**

**રંગોળી હરીફાઈ**

**પ્રથમ** :- સિરાલી મુન્સી રચના પટેલ રત્નદીપ

**દ્વિતીય** :- મેઘના કાપડીઆ હેમાલી સંઘવી ધવલગિરિ

**તૃતીય** :- નેહા કિનારીવાલા કૈરવી ઠાકોર રત્નદીપ

**વેશભૂષા હરીફાઈ**

**પ્રથમ** :- કાપડીઆ વિશાલ (રાજીવ ગાંધી)

**દ્વિતીય** :- શાહ ફાલ્ગુની (રીંછ) ગાંધી પાયલ (સ્વાતંત્ર્યદેવી)

**તૃતીય** :- દેસાઇ હૃદય (રાજા) શેઠ સલીલ (જોકર)

ચિત્ર હરિફાઇ :-

ધો. ૧ :- ૧ સોપારકર રૂચિ ૨ શાહ જાનકી ૩ મહેતાશાલ્વી
ધો. ૨ :- ૧ રાજા નંદિત ૨ દવે ઋત્વિક ૩ શાહ દર્શિલ
ધો. ૩ :- ૧ સોપારકર દેવલ ૨ શાહ દેવસ્ય ૩ પટેલ નિરલ
ધો. ૪ :- ૧ બેંકર જાનકી ૨ મુન્શી સુજલ ૩ દેસાઇ મોના
ધો ૫ :- ૧ શાહ અનુજા ૨ દોશી શ્રૃતિ ૩ ગોદાની હિરલ
ધો. ૬ :- ૧ મુન્શી સિરાલી ૨ દેસાઇ ક્ષિપ્રા ૩ પટેલ ચિરાગ શાહ હેતલ
ધો. ૭ ૧ ઠાકોર ઝહીન ૨ શોધન નિરજ ૩ સંઘવી કમલ

**જયશ્રીબેન દવે**

# વિનયમંદિર

ધો. ૮-૯નાં સંસ્કાર મંડળની મહામંત્રીની ચૂંટણી તા. ૧૧-૭-૮૬નાં રોજ યોજાઈ જેનું પરિણામ નીચે પ્રમાણે આવ્યુ છે

**ભાઇઓ :-** મંત્રી સૌમિલ દેસાઈ
ઉપમંત્રી વિવેક દ્વિવેટીયા
**બહેનો :-** મંત્રી આશિની પટેલ
ઉપમંત્રી નીપા શાહ

આંતરગૃહ નેતાઓની નિમણુંક

| | ભાઇઓ | બહેનો |
|---|---|---|
| ચંદ્રમૌલિ | ચિરાગ ઝવેરી | વિરલ શાહ |
| પદ્મપુકર | શ્યામ ત્રિવેદી | શીતલ શાહ |
| મેઘદૂત | ગુંજન શુકલ | સજની દલાલ |
| ગીતગોવિંદ | રોનક શાહ | વિરતી શાહ |

તા. ૧૨-૮-૮૬ના રોજ સંસ્થાના સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ રંગોળી અને ચિત્ર હરીફાઇમા નીચે મુજબ વિદ્યાર્થીઓ વિજેતા નીવડયાં છે, તે માટે તેમને અભિનંદન

**રંગોળી હરીફાઈ :-**
**પ્રથમ :** સજની દલાલ રૂપલ શાહ મેઘદૂત.
**દ્વિતીય :** ૧ નીપા શાહ ચિનાર ઠાકોર ગીતગોવિંદ
૨ ગીતા ચોકસી પૂર્વી બેનાણી ગીતગોવિંદ
**તૃતીય :** ૧ ક્ષમા દેસાઇ તૃપ્તિ પટેલ પદ્મપુકુર
૨ દિપાલી ચોખડિયા ગૌરવી અધ્યારૂ ચંદ્રમૌલી

**ચિત્ર સ્પર્ધા :-**
**પ્રથમ :** ચિનાર ઠાકોર ગીતગોવિંદ
**દ્વિતીય :** બિજલ શાહ મેઘદૂત
**તૃતીય :** સજની દલાલ મેઘદૂત સીમા પટેલ ચંદ્રમૌલી

તા ૧૨-૮-૮૬નાં રોજ એચ. એસ. સીનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું આપણી શાળાનું પરિણામ ૯૨-૭% આવ્યું છે, (જેમાં શાળાનાં વિદ્યાર્થીની કુ. રૂપલ અમીન બોર્ડમાં નવમું સ્થાન પ્રાપ્ત કરે છે. તે માટે તેમને અભિનંદન શ્રી ગુંજન ત્રિવેદીને કેન્દ્રમાં નવમું સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન)





દેવેન્દ્રભાઇ ઠાકર

# નિઃસહાય નીતા

"મમ્મી, આજે મને કંઇ સારું નથી લાગતું. નિશાળે ન જાઉં તો ?"

"એવું કેવી રીતે ચાલે ? પરીક્ષાને કેટલાં ઓછાં દિવસ બાકી છે!....શું થાય છે એ કહે....દવા લઈ લે પણ નિશાળે તો જવું જ જોઇએ ને...."

અને નીતા ધીરે પગલે, ભારે મને સ્કુલે તો આવી ઘંટ વાગ્યો વર્ગમાં બેઠી, શિક્ષક આવ્યા, કામ શરૂ થયું પણ કયાંય જીવ ચોંટે નહી ...પેટમાં દુઃખવાનું ચાલુ થયું. સાથે માથાનો દુઃખાવો ને પછી તો માથું ચકરાવા લાગ્યું, વર્ગમાં બેસવું તેને માટે મુશ્કેલ બનતું ગયું, મનમા ઘણી મથામણ પછી ના છૂટકે તેણે શિક્ષકને વિનંતી કરી.... 'સાહેબ મને ચેન નથી પડતું, સમજ નથી પડતી શું થાય છે પણ મારાથી બેસી શકાતું નથી' ને શિક્ષકે તેના વાલીને ખબર આપવા કહ્યું કે જેથી આવીને તેને લઇ જાય. ઘેર જઇને આરામ કરવો, દવા લેવી, નીતા માટે જરૂરી બની ગયું હતું.

ઓફીસમાંથી ફોન થયો 'નીતાની તબીયત સારી નથી. તેને લેવા આવો ને બેન,!' વળતો પ્રત્યુત્તર મળ્યો "કોણ નીતા ? બેટા મને અત્યારે લેવા આવવાનું ફાવે એવું નથી. હજી બધું જ કામ બાકી છે. ને વળી વાહન પણ નથી. હું કેવી રીતે લેવા આવું ? તું એકલી આવતી રહે ને ? "ના મમ્મી મને ચક્કર બહુ આવે છે. 'તો એમ કર ત્યાંથી ઓફીસમાં કોઈને કહે પટાવાળાને સાથે મોકલે રીક્ષાના પૈસા આપી દઈશ" ને ફોન પૂરો થયો.

નીતા તો નિઃસહાય બની ગઇ પણ શાળામાં આવે ત્યારથી વિદ્યાર્થીની જવાબદારી શાળા સ્વીકારે છે ત્યારે, આવા પ્રસંગે શાળા માટે પણ કેટલી મુશ્કેલ પરિસ્થિતિ સર્જાય છે ! એક તો શાળાનાં અનેક કામમાંથી પટાવાળાને આવા કામ પાછળ ફાજલ પાડવોએ જ મોટી મુશ્કેલી હોય છે. હાલનાં વાતાવરણમાં આવો પ્રશ્ન ઊભો થાય ત્યારે તેનાં અનેક પાસાનો વિચાર કરવો જરૂરી બને છે.

માત્ર ઓચિંતી માંદગીનાં પ્રસંગે જ નહીં પણ જરૂરી કામ હોઇ અર્ધો સમય શાળામાં બાળક આવે પછી એકલુ, ગમે તે સમયે ઘેર આવે તો આ બાબત આવકારદાયક નથી અને તેથી વાલી બાળકને લેવા આવે એવો અમારો આગ્રહ વિચારપૂર્વકનો છે તે મોટાભાગનાં વાલી સમજે છે; અને તેનો અમલ કરે છે, પરંતુ સૌ વાલીઓનો આવો સહકાર બાળકનાં હિતમાં છે તે આપણે સ્વીકારીએ.

ઉર્મિલા શાહ

# સ્થાપના દિન

તા. ૧૨–૮–૮૯નાં રોજ સંસ્થાનો બાંસઠમો સ્થાપના દિન વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે ઉજવ્યો આ દિવસ નિમિત્તે વિવિધ પ્રકારનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

બાલમંદિર વિભાગમાં બાળકોએ અને શિક્ષકોએ ખૂબ સુંદર અને કલામય રીતે પોતાપોતાનાં ઓરડા શણગારી સુંદર રંગોળીથી સારોય પ્રસંગ દીપાવ્યો. પ્રારંભમાં સરસ્વતી પૂજન ત્યારબાદ શ્રી હિનુભાઈનાં હસ્તે બાલપૂજન, બાલરથ, કૂચ, ગરબા વિ. કાર્યક્રમોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. બાળકોનાં મનોરંજન માટે પપેટ શો વૉલ્ટ ડિઝની લેન્ડનો શૉ, વાર્તાકથન વિ. નું આયોજન કરવામાં આવ્યુ, અને અંતે સૌ બાળકોએ આનંદભેર શીરો અને ભજીયાની ઊજાણી માણી. બાલમંદિરનાં ભૂલકાઓ માટે આ દિવસની આનંદદાયક પળો સદાય માટે અંકિત થઈ ગઈ.

શિશુમંદિરનાં વિદ્યાર્થીઓ માટે પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું, જેવા કે ચિત્ર હરિફાઈ, વેશભૂષા હરિફાઈ વિ. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી થયો ત્યારબાદ સંસ્થાના તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી પાર્થિવભાઈ અધ્યારૂનાં હસ્તે 'માબાપોને' પુસ્તિકાની વિમોચન વિધિ કરવામાં આવી બાળકેળવણીકાર શ્રી ગિજુભાઈ બધેકાનાં લખાણોમાંથી વાલીઓને ઉપયોગી લખાણોને આ પુસ્તકમાં આવરી લેવામાં આવ્યાં છે. ત્યાર બાદ શારદમાના બાળકોની બાલકૂચ, બાલરથ અને ગરબો ભારે ઉત્સાહપૂર્વક રજૂ થયા ધો. ૩ અને ૪નાં બાળકોએ વેશભૂષા હરિફાઈમાં અદ્‌ભૂત રજૂઆત કરી આનાં નિર્ણાયક તરીકે સંસ્થાના વાલી શ્રી રાઘવેન્દ્રભાઈ દિક્ષિતે તથા વિનયમંદિરનાં શિક્ષક શ્રી ડાહ્યાભાઈ ઠાકરે સેવા આપી, તે માટે સંસ્થા તેમના તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે આ કાર્યક્રમ પછી ધો. ૧ થી ૭ ના બાળકો માટે તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં લગભગ ૫૩૫ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો. સારુંય શારદામંદિર જાણે ઊગતાં કલાકારોથી છવાઈ ગયું.

આ સાથે યાદગાર ક્ષણો તો કાર્યક્રમની પૂર્વસંધ્યા ની હતી. આખા ય શારદામંદિરમાં વિદ્યાર્થીઓ ઉત્સવની પૂર્વ તૈયારીમાં લાગ્યા હતાં તે દૃશ્ય ખરેખર યાદગાર બની રહ્યું, કયાંક તોરણો બનતાં હતાં, કયાંક બાલકૂચની ધજાઓ થતી હતી. તો કયાંક બાલરથ અને કૂચનાં રિહર્લસર તે સાથે રંગોળી હરીફાઈમાં ભાગ લેનાર ભાઈઓનો બંને પ્રાર્થનામંદિરમાં પોતપોતાની રીતે કલાની અભિવ્યક્તિ કરવામાં મશગૂલ હતાં.

વિનયમંદિરનાં વિદ્યાર્થીઓ માટે પણ રંગોળી અને તત્કાલ ચિત્ર સ્પર્ધા આંતગૃહને અનુલક્ષીને યોજવામાં આવી હતી વિનયમંદિરની વિદ્યાર્થીનીઓએ રંગોળીમાં વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી સુંદર કલાકૃતિઓ ઉપસાવી, કયાંક નાડાછડી, નાળીએર, કઠોળ અને અનાજ કરોઠી, પોસ્ટર કલર કે ઓઈલ કલર કલાની એ અભિવ્યક્તિ માં વિષય કે માધ્યમનાં કોઈ બંધનો ન હોવાથી તેમની કલાસૂઝની સાચી ઝાંખી થઈ. આ પ્રસંગે નિર્ણાયક તરીકે સંસ્થાનાં વાલી તથા જાણીતા કલાકાર શ્રી રજનીભાઈ વ્યાસ ની સેવા પ્રાપ્ત થયા બદલ સંસ્થા તેમની ઋણી છે.

ચિત્ર સ્પર્ધામાં પણ વિદ્યાર્થી કલાકારોએ તેમની કલાનો સારો પરિચય કરાવ્યો. આખો ય કાર્યક્રમ ચિરઃસ્મરણીય બની રહ્યો.

ઉર્મિલા શાહ

## સૂરજ

પ્રાતઃકાળે પૂર્વાકાશે ઊગતો સૂરજ,
ને ઝાકળનાં ટીપે ઝળકતો સૂરજ,
વૃક્ષતણા આ પર્ણે પુષ્પે,
કિરણ વડે ચમકંતો સૂરજ,

ધરતી ને સરવર જળ પર પણ,
પળ પળ ચમકંતો સૂરજ,
સૂર્યમુખીની તરસી આંખોમાં,
સપનું થઈને રમતો સૂરજ,
સાંજ પડે ને આભ ઢળે ત્યાં.
દૂર ક્ષિતિજમાં ડૂબતો સૂરજ.

ધારા પરીખ ૯ બ

**શાળાનો વિદ્યાર્થી કૈલાસ માનસરોવરની યાત્રાએ**

ધો. ૧૨માં અભ્યાસ કરતા ભાઈ ઉર્વિશ ઠાકરસી જુલાઈ ૮૯માં કૈલાસ માનસરોવરની યાત્રાએ જઈ આવ્યા તેની સંસ્થા ગૌરવ સાથે નોંધ લે છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઈ દ. દવે આચાર્ય અને નિયામક : શારદામંદિર; નવા શારદામંદિર રોડ, અમદાવાદ ૩૮૦૦૦૭
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય * વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭